# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-03-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## શિપિંગ મંત્રી :

પશ્ચિમ એશિયામાં હાલના ઘટનાક્રમ અંગે મીડિયાને માહિતી આપતા, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ જણાવ્યું હતું કે, પર્સિયન ગલ્ફ ક્ષેત્રમાં બધા ભારતીય નાવિક સુરક્ષિત છે અને છેલ્લા 24 કલાકમાં તેમની સાથે જોડાયેલી કોઈ ઘટના નોંધાઈ નથી.

હોર્મુઝની રાજધાની પશ્ચિમમાં 24 ભારતીય ધ્વજ જહાજો હતા. તેમાંથી બે જહાજો શિવાલિક અને નંદા દેવીએ ગઈકાલે હોર્મુઝની રાજધાની સુરક્ષિત રીતે પાર કર્યા છે અને હવે ભારત તરફ આગળ વધી રહ્યા છે. આ જહાજો મુન્દ્રા અને કંડલા પોર્ટ ખાતે પહોંચશે. જેમાં આશરે 92,700 મેટ્રિક ટન LPG છે.

(BYTE : સચિવ રાજેશ્કુમાર સિન્હા)

**------------------------------------------------------------------------------------------**

## પી એન જી :

ભારતમાં સર્જાયેલાં ઘરેલુ રાંધણગેસના સંકટને હળવું કરવા કેન્દ્ર સરકારે જાહેરાત કરતા જણાવ્યું છે કે, પાઈપલાઈન મારફતે ગેસ મેળવતા પીએનજી જોડાણધારકોને ઘરેલુ રાંધણગેસ સિલિન્ડર મેળવવાની છૂટ નહીં અપાય.

મંત્રાલયે જણાવ્યું હતું કે, સુધારેલા નિયમો હેઠળ સરકારી તેલ કંપનીઓને પહેલાંથી પીએનજી જોડાણ ધરાવતા લોકોને નવાં એલપીજી જોડાણ આપવા પર પણ પ્રતિબંધ મૂકી

દેવાયો છે. સાથોસાથ પીએનજી (પાઈપલાઈનથી ગેસ) તેમજ એલપીજી (ગેસ સિલિન્ડર)નાં બન્ને જોડાણ ધરાવતા લોકોએ તેમનાં એલપીજી જોડાણ સરકારને પાછાં સોંપી દેવાં પડશે.

--------------------------------------------------------------------------------

## કચ્છને કેરોસીન ફાળવણી :

પશ્ચિમી દેશોમાં ચાલી રહેલ યુદ્ધની પરિસ્થિતિને કારણે ઉભી થયેલી બળતણ અને ઉર્જા પુરવઠાની અછત વચ્ચે રાજ્ય સરકાર દ્વારા કચ્છ જીલ્લાના ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં રાંધણ ગેસના વિકલ્પ તરીકે કચ્છને ૩૬ હાજર લીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે. જેમાં, પરિવાર દીઠ 5 લીટર અને સંસ્થા દીઠ 25 લીટર  કેરોસીન ફાળવી શકાશે.

--------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય રસીકરણ દિવસ - કચ્છ :

ભારતમાં દર વર્ષે ૧૬મી માર્ચને રાષ્ટ્રીય રસીકરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે જિલ્લામાં રાષ્ટ્રીય રસીકરણ દિવસની ઉજવણી અંતર્ગત આ વર્ષે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૯ મહિનાથી ૫ વર્ષના બાળકો ઉપરાંત, હવે ૫ થી ૧૦ વર્ષના એવા બાળકો કે જેમને અગાઉ રસી મળી ન હોય અથવા માત્ર ૧ ડોઝ લીધો હોય તેવા તમામ બાળકોને ઓરી-રૂબેલા સ્પેશિયલ ડ્રાઇવમાં રસીકરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત કચ્છમાં કૂલ ૨૮૫ સેશનનું આયોજન કરવામાં આવ્યુ છે.

--------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય લોકઅદાલત – કચ્છ :

કચ્છ જિલ્લાની તમામ અદાલતોમાં ગઈકાલે  રાષ્ટ્રીય લોકઅદાલત યોજવામાં આવી હતી, જેમાં કુલ 12,917 કેસનો નિકાલ થયો હતો અને કુલ 36.40 કરોડના એવોર્ડ કરવામાં આવ્યા હતા. ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ,

અમદાવાદના મુખ્ય સંરક્ષકનાં માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા ન્યાયધીશ મહિડા દિલીપ પી.ની રાહબરી હેઠળ કચ્છના તમામ તાલુકામાં તથા ફેમિલી કોર્ટમાં રાષ્ટ્રીય લોકઅદાલત સફળતાપૂર્વક યોજાઈ હતી.

---

## રા'બાવા ખેંગારજીની પ્રતિમા :

ભુજનાં પ્રવેશદ્વાર પર જ્યારે શહેરના સ્થાપકની પ્રતિમા સ્થાપિત થાય એ ખરેખર ગૌરવપૂર્ણ ક્ષણ અને ઐતિહાસિક ઘટના હોવાનું સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું. નગરપાલિકા દ્વારા શહેરનાં પ્રવેશદ્વાર સમા આર.ટી.ઓ. રિલોકેશન સાઇટ ખાતે આવેલા એન્કરવાલા સર્કલના રિનોવેશન સાથે ભુજના સ્થાપક રા'બાવા ખેંગારજી પ્રથમની પ્રતિમા સ્થાપિત કરી લોકાર્પણ કરાયું, ઉપરાંત શહેરના ત્રણ બાગમાં વિકાસકામો કરીને ખુલ્લા મુકાયા હતા. સાંસદ શ્રી ચાવડાએ વધુમાં ઉમેર્યું કે, શહેરના ત્રણ બાગને નવીનીકરણ કરી ખુલ્લા મુકાતાં લોકોને હરવા - ફરવાની સુવિધાઓમાં  વધારો થશે. આ અવસરે રાજવી પરિવાર તથા રાજકીય સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## હવામાન :

રાજ્યમાં આગામી પાંચ દિવસમાં 2 થી 5 ડિગ્રીનો ઘટાડો થવાની  શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તેમજ  18 થી 20 માર્ચ સુધી કમોસમી વરસાદ સાથે પ્રીમોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની સંભાવના છે. જેમાં 18 માર્ચે કચ્છ, દ્વારકા, મોરબી, જામનગર બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠામાં વરસાદની આગાહીના પગલે ખેડૂતોમાં ચિંતા વધી છે.

દરમ્યાન, ગઈ કાલે ભુજમાં મહત્તમ તાપમાન 39.5 રહેતા ગરમીમાં અકળાયેલા લોકોને રાહત મળી હતી.

---